### સમગ્ર શહેરના મેથ્સ અને સાયન્સના શિક્ષકો માટે

# ક્રિએટિવ લર્નિંગ ઇન્શિએટિવ હેઠળ IITGnમાં બે દિવસીય વર્કશોપ યોજાશે

આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે ધ ક્રિએટિવ લર્નિંગ ઈનિશિએટિવ અંતર્ગત રાજ્યભરની શાળાઓના મેથ્સ અને સાયન્સના શિક્ષકો માટે બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષકોને બીબાઢાળ શિક્ષણ પદ્ધતિમાંથી બહાર લાવી ક્રિએટિવ લર્નિંગ શીખવાડવામાં આવ્યું હતું. શિક્ષકોને સાયન્સ અને મેથ્સ રસપ્રદ રીતે આવડશે તો સ્વાભાવિક રીતે સ્ટુડન્ટ્સને પણ શિખવામાં રસ પડશે. તેથી ગુજરાત અને સેન્ટ્રલ બોર્ડના શિક્ષકો માટે વર્કશોપ યોજવામાં આવેલ છે. જેમાં તેઓ કટ, પુલ, સ્ટિક, તેમજ ૩ ડી. સ્ટ્રક્ચર, સ્પિનર્સ, મોટર્સ, જનરેટર્સ, પમ્પ સહિતની સાયન્સની ઈન્ટ્રેસ્ટિંગ મેથડ શીખવાડવામાં આવશે. આ અંગે વાત કરાતા ક્રિએટિવ લર્નિંગ ઈન્શિએટિવના મનિષ જૈને જણાવ્યું હતું કે શિક્ષકોને શિખવાડવા માટે અત્યાર સુધી ૮૦૦થી વધુ બુક્સ તથા સીડી તૈયાર કરવામાં આવેલ છે. એક સામાન્ય દેખાતું ટોય્ઝની બનાવટ કેટલી જટિલ હોય છે તેને ડોમોન્સ્ટ્રેટ કરવામાં આવે છે. અત્યાર સુધી સમગ્ર ગુજરાતમાંથી ૪૦૦થી વધુ શિક્ષકોએ પાર્ટિસિપેટ કરી ચૂક્યાં છે. જ્યારે હવે તા. ૨૦-૨૧ ડિસેમ્બરના રોજ ફરી બે દિવસીય વર્કશોપ યોજાશે.

**Title:** Two day workshops will be held in IITgn under the Creative Learning Institute for teachers of maths and science centers across the city.

**Source: Sandesh (City Life; Pg. No. 21)**
**Date: 20-12-2017**